રેગ્યુલર દિવાની કેસ નં. ૧૧૧/૧૮

—: <u>આંક —૧ લગત હુકમ</u> :—

૧) આજરોજ વારંવાર પોકાર કરતા વાદી કે તેમના વિ.વકીલ શ્રી તથા પ્રતિવાદી કે તેમના વિ.વકીલ શ્રી હાજર નથી કે તેઓની તરફે કોઈ રીપોર્ટ પણ રજુ રાખેલ નથી.

૨) આજરોજ સદરહુ કેસની મુદત હોવાછતા બન્નેમાંથી એક પણ પક્ષકાર હાજર રહેલ નથી કે ગેર હાજરી સબબ કોઈ કારણ દર્શાવેલ નથી. જેથી વાદીને સદરહુ દાવો ચલાવવામા કોઈ રસ હોય તેમ લાગતુ નથી. જેના કારણે અત્રેની અદાલતના સમય ની બરબાદી થયેલ છે. નામ.વિંન્ધય પ્રદેશ હાઈકોર્ટ ના ચુકાદા શીવદુલારે વિરુધ્ધ શીવબેહરીલાલ અને બીજાઓ, પ્ર સિધ્ધ એ.આઈ.આર.૧૯૫૩ વિન્ધય પ્રદેશ પાના નં.૧૦ મા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ દિવાની કાર્યરીતી સંહીતા—૧૯૦૮ ના હુકમ —૧૭, નિયમ—૨(**Order -17,Rule-2)** અન્વયે હુકમ—૯નો નિયમ—૩ અમલ મા આવશે.

૩) જેથી સદરહુ દાવો દિવાની કાર્યરીતી સંહીતા ના હુકમ—૯,નિયમ—૩ અન્વયે બન્ને પક્ષકારોની ગેર હાજરી સબબ ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજરોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ડીસા

તા. ૧૯/૦૭/૨૦૧૮

.....

(કેયુર કિરીટભાઇ પટેલ)

એડી. સિવીલ જજ, ડીસા.

કોડ નં : જીજે ૦૦૯૫૦